International Journal of Research in all Subjects inMulti Languages
[Author: Dr. Babu Patel] [Subject: Gujarati]
Vol. 3, Issue: 1, January: 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# તત્ત્વચિંતન અને સાંસ્કૃતિક મૂલ્યોનો સમન્વયઃ તત્ત્વમસિ

ડૉ.બાબુ પટેલ

'તત્ત્વમસિ'

લેખક પોતાના તરફથી તત્ત્વમસિને સ્વરૂપ દૃષ્ટિએ નવલકથાનો સ્પષ્ટ દરજ્જો ન આપી લખાણ તરીકે પેશ કરે છે.

આપણા રસનો વિષય બને છે, જે પેશ કરે છે તે સામગ્રી જ શા માટે? તે શું છે? અને કઇ રીતે આપણી સમક્ષ મૂકે છે?

ભારતીય કથન પદ્ધતિમાં કેટલીક વેળા ઋષિ, દેવ કે અન્ય અનુભવી કથક પોતાની રીતે વાતને મૂકી આપે છે. તેની પાછળનાં આશય પ્રસ્તુત થયેલી બાબતનું અધિકૃતપણું સ્થાપિત કરી આપવાનો હેતુ હોય છે, અહીં તેવી જ રીતે વાસરિકા પદ્ધતિનો આશરો લેવાયો છે.

મોટે ભાગે કથક 'હું' અથવા 'મેં' ના અનુભવ- અનુભૂતિની વાત હોય, સત્ય ન લાગે તો પણ તથ્ય વાળી તો લાગે જ. કારણ આ કથક જે રીતે ભૂમિના મિજાજને વ્યકત કરવાનું વલણ રાખે છે તેમાં ફક્ત તાદાત્મ્ય જ નથી તાટસ્થ્ય પણ છે. અલબત્ત એ ધ્રુવ ભટ્ટનું જ છે.

ભારતીય કથન પરંપરામાં બીજી બાબત છે આરંભમાં પ્રશ્ન કે જિજ્ઞાસા.

આ લખાણ વિશે... વાત કરતાં સર્જક બે બાબતે જિજ્ઞાસા પ્રસ્તુત કરે છે.

એક,

જે માનવીઓ કદી પણ શાળા કે ગુરુ પાસે ગયા જ નથી તેમણે જ ભારતીય જ્ઞાનના આધાર રૂપ મનાતા લખાણોને સર્જનબળ પૂરું પાડ્યું હોય અને તેને જીવંત રાખવામાં સિંહભાગ પણ તેમનો જ હોય તેવું મને કેમ લાગે છે?

બે, અલગ ભાષા, જુદા રીતરિવાજો, જુદા ધર્મો અને બીજી અનેક ભિન્નતાઓ વચ્ચે પણ આ દેશની ભાતીગળ પ્રજામાં કંઇક એવું છે જે દરેક માણસમાં સરખું જ જડે તે શું છે?

આ નિમિત્તનું લખાણ ૨૬ ખંડ (પ્રકરણ) ૨૩૨ પાના સુધી ફેલાય છે. આમ તો આ લખાણમાં સ્થળ તરીકે નર્મદા નદીનો ભૂભાગ છે. સમય તેના પર ડેમ બાંધવાનું નક્કી થયા પછીનો છે.

આપણે આ લખાણ સમાપ્ત કરતાં અનુભવી શકીએ છીએ કે આ નદી ફક્ત ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની વચ્ચે જ નથી વહેતી. સર્જકની ભીતર પણ પોતાની અવનવી રીતે પ્રવાહમાન છે.

લખાણ અંગે આપણને રસ જગાવે તેવી કેટલીક અન્ય બાબતો અંગે વિચારીએ છીએ તો જેમ સર્જકને જિજ્ઞાસા રહે તેમ ભાવકને પણ રહે છે કે ધ્રુવ ભટ્ટની જિજ્ઞાસા, વાસરિકા જેની છે તે – શોધાર્થી–સાથ કેટલી તાલમેલ ધરાવે છે?

'તે' અને 'હું' ને થોડી ઓળખાણ છે. જેવી રીતે રામાયણ કે મહાભારત આપનાર સર્જકો રામ કે કુરૂવંશ સાથ જે નિસ્બત ધરાવતા તેટલી નહીં તો તેવી રીતે.

પૃ.૫૨ ઉપર શાસ્ત્રીજીએ ગુપ્તાજીને કહ્યું તે પરથી કૃતિના હેતુ નજીકની વાત ફલિત થતી લાગે... 'બિહારી ધર્મની નથી એટલી ચિંતા મને સંસ્કૃતિની છે, આપણી જીવન રીતિ અને પરંપરાની છે. આપણી શ્રદ્ધાની, જીવન પ્રત્યે જોવાની આપણી લઢણની જેટલી ચિંતા મને છે તેટલી બીજી કોઇ વાતની નથી.

આ દેશ અને આ પ્રજા વિદેશી શાસકોને જીરવી ગયા... પરધર્મોને પણ તમણે આવાકાર્યા, પણ હવે જે સાંભળું છું, જોઉં છું એનાથી ડર લાગે છે. હવે આપણી દષ્ટિ બદલવાના પ્રયત્નો થાય છે. આપણી પરંપરા, આપણી સંસ્કૃતિ... આ જશે તો આ દેશ નહીં ટકે મારી ખરી ચિંતા એ છે.'

સર્જકને મન અહીં જે સંસ્કૃતિ અભિપ્રેત છે તે અલબત્ત ભારતીય જ છે. આજનો જાગૃત સર્જક કે ભાવક અથવા કોઇપણ સુજ્ઞ ભારતીય નાગરિક પોતાની સંસ્કૃતિ બદલાતી અનુભવે તો સ્વભાવિક જ ચિંતા સેવે. તે ઘટનાને આક્રમણ તરીકે ઓળખે અને મોટે ભાગે તે પશ્ચિમનું આક્રમણ ગણાય. જે સર્વ વ્યાપારી કરણવાળું, ભોગવાદી અથવા વ્યક્તિવાદીમાં ખપાવાય. આ પ્રક્રિયા સામે જુદા-જુદા રક્ષાકવચ પ્રયોજાય. આ કલાકૃત્તિ 'તત્ત્વમસિ' એવા કેટલાક રક્ષાકવચમાંનું એક છે. અહીંની વ્યક્તિને પોતાની ઓળખ, પરિચય આપવાનું, વ્યક્તિને પોતાની ઓળખ સમષ્ટિના સંદર્ભમાં આપવાનું કામ કૃતિ દ્વારા લેવાય છે. શીર્ષકથી જ તેની પ્રતીતિ થાય છે.

છાંદોગ્ય ઉપનિષદનું ૨૦મું મહાવાક્ય (૮૯ મો શ્લોક) 'તે તું છો' જે શ્વેતકેતુને ઉપદેશ રૂપે કહેવાય છે તે 'તત્ત્વમસિ' શીર્ષક અહીં સાયુક્તિ જ નહીં સાથક પણ છે. પૂર્વ ભૂમિકા આપણે જાણીએ છીએ કે ગુરુ પાસેથી જરૂરી જ્ઞાન નહીં પામેલા શ્વેતકેતુ પિતા પાસેથી (પરંપરા દ્વારા) જે જાણે છે 'તે તું છો' એ કેટલાંક ભાષ્ય સમાવી શકે. આપણે અહીં તેલંગસ્વામીએ જે અથઘટન કર્યું છે તે લેશું તો સર્જકની વધારે નજીક જઇ શકીશું.

તતનો મતલબ અપ્રત્યક્ષ ચૈતન્ય તથા ત્વમનો અથ થાય છે પ્રત્યક્ષ ચૈતન્ય. આ બન્ને પદોનું અથશોધન કરતા, અખંડ ચૈતન્યનો અવબોધ ઉદિત થાય છે. નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્ત્વસ્વરૂપ, પરમાનંદ, અદ્વિતીય બ્રહ્મ એમ કશું વેદાંતી તત્ત્વજ્ઞાન ન લેતાં ફક્ત સાહિત્યિક રીતે જ તપાસતા સુરેશ જોષીનાં શીર્ષકો માફક અહીં પણ વ્યંજકતા દાખવવામાં આવી છે.

સર્જક ધ્રુવ ભટ્ટની મથામણ ભારતીય સંસ્કૃતિ સંબંધી દેખાય આવે. પરંતુ કલામાં ભારતીય અભિગમ પ્રચારકની ભાષામાં લપેટાયા વિના પ્રગટ થાય છે. કલાકારની હેસિયતથી તેમાં સ્પષ્ટ કહેવાતું નથી પણ સૂચવાય છે.દા.ત. પ્રશ્નો- પરિપ્રશ્નોથી કથાવસ્તુનો સંકેત વિસ્તાર કઇ રીતે થાય છે તે જોઇએ.

પૃ.૨૨૬ ... આવતાં થોડાં વરસોમાં તો આ સ્થળ પર અગાધ જળરાશિ તળે ધરબાઇ જશે. પછી નર્મદાને ન ઓળંગવાનો નિર્ણય લઇને નીકળેલા પરિક્રમા વાસીઓ કયાં જશે?

પૃ.૬૦... ગણેશ શાસ્ત્રી સંદર્ભે વાત મુકાય છે તે પણ પ્રશ્નથી જ.

'હીનકક્ષાના શાસકો, પરદેશી હુમલા ખોરો, કનિષ્ટ મહાજનો અને અયાગ્ય ધર્મગુરુઓ વચ્ચે પણ પોતાના અસ્તિત્વ અને અસ્મિતાને જેવા ને તેવા સ્વરૂપે ટકાવી રાખતી આ પ્રજા પાસે એવોતે કયો જાદુ છે જે કાલાંતરોથી આખાયે દેશને અખંડ અતૂટ રાખે છે?'

પૃ.૧૨૪ પર પ્રશ્ન સ્પષ્ટ બનાવાય છે.

હું કોણ છું? - કદાચ આ પ્રશ્ન, આ પ્રશ્નનનો જવાબ શોધવાની વૃત્તિ, આ દેખાય છે તે શું છે?... કોઇક જન્મમાં કરેલા કર્મોના ઋણ સાથ લઇ જન્મતી, જીવતી આ પ્રજા હજારો વર્ષોથી એકધારી ટકી રહી છે તેનું રહસ્ય પણ શું આ પ્રશ્નો જ હશે?

પૃ. ૮૫ (આદિવાસી સંદર્ભ)

તેમનો આનંદ, તેમનો નૃત્યો, તેમનો ઉલ્લાસ આ બધું જોઇને મને થતું હતું કે આ પૃથ્વી પર સ્વયં પ્રકૃતિ સિવાય આટલો મુક્ત અને નિર્ભેળ આનંદ કોઇ અનુભવી શકતું હોય તો તે માત્ર આ વનવાસીઓ. અતિશય ગરીબી, ભૂખમરો, ભવિષ્ય, અનેક પ્રશ્નોને બધું જ આમ સાહજકિ આનંદમાં ઓગાળી નાખવાની શક્તિ આ આરણ્યકો ક્યાંથી મેળવતા હશે?

આટ-આટલા પ્રશ્નો મૂકાયા હોવા છતાં રચનાનો ઢાંચો સમસ્યાનું સૂચીકરણ ન બને તેની સર્જકે કાળજી રાખી છે. આ પ્રશ્નોનો પ્રતિભાવ રૂપે જે આવ્યું છે તે ભાવકનુ રસ વિશ્વ રચી આપે છે. આપણો સર્જક ફક્ત ભારતીય ઘટના પ્રવાહો જ નથી જોતો. તે વૈશ્વિક રાજકારણ, અથકારણ ટેક્નોલોજીથી અલિપ્ત નથી. પૃ. ૧૧૨ પર પ્રોફેસર રૂડોલ્ફ કહે છે :

હવે પછી આખા જગતમાં ખૂબ ઝડપી પરિવર્તન આવશે. સંસ્કૃતિનો લોપ થવાનો ભય માત્ર અહીં જ ઊભો થશે તેવું નથી. આખા વિશ્વમાં આમ બનવાનું છે. જેઓ આથિક રીતે નબળા છે તેમને માટે આ ભય મોટો છે.'

પણ આ અસરોથી બચવા જે ઉપાય સૂચવે છે (ફરીથી, કહેતા નથી) તે કેટલાક આધુનિકોને ઘડિયાળનાં કાંટા પાછા ફેરવવા જેવું લાગશે. આ લખાણ ફક્ત ભારતીય કથન પદ્ધતિનો જ નમૂનો નથી ભારતીય જીવન પદ્ધતિ પણ પ્રતિબિંબિત કરે છે. દા.ત. પૃ. ૬૨, -

'આ રહસ્યે જઆ દેશને કબીર, ગંગાસતી, નરસિંહ, તુકારામ અને અનેક જાણ્યા-અજાણ્યા મહામાનવો ભેટ ધર્યા છે.'

આપણને ખ્યાલ આવે છે કે બહુ મોટા ઋષિ-મુનિ, અવતારો કે સમ્રાટો ને ઇતિહાસમાંથી મહામાનવ તરીકે ઉદાહરણમાં લેવાને બદલે મધ્યકાલીન સંત પરંપરાને સ્થાપવાનો જાણે ઉપક્રમ સ્વીકારાયો છે.

સંત પરંપરામાં આપણે ત્યાં મનાતું કે જેણે દીધો ટુકડો તેને પરમેશ્વર ઢુકડો.

એ ન્યાયે લખાણમાં પણ છેલ્લે આવે છે કે પોતા પાસે કશું જ નથી એવા આપણા કથકને બાળા મકાઇનો ડોડો ખાવા આપે છે.

જો કે આપણે કબૂલવું પડે કે ફક્ત ભારતીય સંતમતનું સ્થાપન એ જ હેતુ હોત તો કલાકૃતિ બનત જ નહી. લખાણને કલાકૃતિ બનાવવા માટે જે શરતો જોઇએ તે તમામ પૂરી પાડવા ધ્રુવ ભટ્ટ પ્રયત્ન કરે છે. આ લખાણ

ગદ્યરૂપે છે. ગદ્યના કથન, સંવાદ, તેમાંના વાક્યો, પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા થતું વર્ણન, ગદ્યનાં વિવિધ રૂપ પ્રગટાવે છે. જેમકે વાક્યગત અર્થ હોય તેને સંદર્ભગત અર્થ બનાવી દેવો, દા.ત. પૃ.૧૧૪

'ઓક્ટોબરની બીજી તારીખે અમારી નિશાળ ફરી શરૂ થઇ.'

ઉપરાંતમાં એવું નથી કે આ લખાણ ફક્ત કથનનો જ સમુચ્ચય છે. તેના વર્ણનો પણ આકર્ષક છે.

પૃ.૯૨ પર વીજળીનું વર્ણન, પૃ.૧૪૪ પર હરિખોહનું વર્ણન, પૃ. ૧૯૯ પર.. અરણ્યોની રાત્રીઓ નિત્ય નવીન ભાષા બોલે છે.. થી શરૂ થતું નર્મદા કાંઠાની ઝાડીઓનું વર્ણન.

ધ્રુવ ભટ્ટનો આ અભિગમ સ્પષ્ટ કરી આપે છે કે પ્રકૃત્તિ અને મનુષ્યનો સંબંધ જલ, વાયુ, તેજના તત્ત્વોથી રચાતા, પરસ્પરના સંપર્કથી ઉપજતા અન્ય સંચલનો પણ ઊભય પર અસર કરે છે.

સાંસ્કૃતિક કટોકટી અનુસંધાને ભારતીય સંસ્કૃતિનો મહિમાગાન કે તેનું સ્તવન જ આ કૃતિમાં નથી. આજના સર્જકના માનસને અનુરૂપ વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કાર વં – તત્ત્વોને ઓગાળવાની કોશિશ પણ મળે છે.

દા.ત. પૃ. ૮૮ પર 'પુરિયા ડાકીન લીઇઇઇ...'

અહીં કાલેવાલી મા દ્વારા વનવાસીની ડાકણ પ્રથાના અનિષ્ટને રોકવા માટે સર્જક ધ્રુવ ભટ્ટના પ્રયાસને જાણે કર્મશીલ ધ્રુવ ભટ્ટ મદદ કરતા હોય તેવું લાગે.

આવું જ અંતરિયાળ જંગલના ગામડામાં આધુનિક શિક્ષણ માટે શાળાની પ્રવૃત્તિ. મધ ઉત્પાદન માટેની પ્રવૃત્તિમાં જૂની માન્યતા- હૃદય પરિવર્તન, કેટલીક વેળા ભારતીય વિધિ- વિધાન અંગે (દા.ત. પીપળો પૂજવો)કાર્યકારણનો નિયમ આપવા માટે ગરીબ, ભોળી પ્રજાને વૈજ્ઞાનિક તરીકેને બદલે પાપ-પુણ્ય , શુકન-અપશુકનની આવશ્યકતા દર્શાવવી. આવા પ્રકારનાં

આલેખનની તેમની પાસે વિવિધ પ્રયુક્તિઓ છે. દા.ત.અર્થશાસ્ત્ર અનુસંધાને. નાણાનું મૂલ્ય, મોંઘવારી, બદલાતા આર્થિક ધોરણ વ. પૃ. ૭૧ પર અપાય છે. પુરિયા વાતોએ ચડી. તે આદિવાસીઓનાં ગીતો ગાય છે તે તેણે મને સમજાવવા કોશિશ કરી. હોળીનાં, વાવણીનાં, કયા વૃક્ષનો કેવો ઉપયોગ કરી શકાય, તેના પાન અને ફળનો સ્વાદ કેવો છે તેના વૈદકીય ગુણો શું છે? તેવું પણ તેના ગીતોમાં આવે.

એક સાવ જુદા જ પ્રકારના ગીતનો અર્થ તેણે મને સમજાવ્યો : 'અમારા પરદાદાને ચારઆનામાં માથ ઉપાડી શકાય તેટલા વાંસ મળતા. દાદાને એટલાં જ વાંસ એક રૂપિયામાં મળ્યા. બાપાએ ત્રણ રૂપિયા દેવા પડતા. અમારે તો એક વાંસના જ ચાર રૂપિયા આપવા પડે છે.' આ વાત મૂકી આપવાની પદ્ધતિ લેખક અપનાવી છે તે કોઇ દસ્તાવેજ કે ચાર્ટ દ્વારા મુદ્રા ભાવાંક ને કોષ્ટક લખી નહીં, એક ભોળી વનવાસી કિશોરી કમ યુવતીનાં ગીતો દ્વારા.

જે સહન કરે છે તેના પરત્વે સહાનુભૂતિનો સર્જકધર્મ અવાર-નવાર પ્રગટ થાય છે. પૃ.૧૦૭ પર (સમજાવા માંડ્યું) વરસતા વરસાદમાં ઉઘાડા શરીરે સતત નીચા નમીને ચપચપ ડાંગર રોપ્યે જતા માનવીની વેદના શી ચીજ છે... જેઓને મૂઠીધાન માટે આ કામ કરતા જ રહેવું પડે છે તેની વેદના કેટલી અસહ્ય બનતી હશે?'

આ લખાણનું વસ્તુ તો અરૂઢ હોવા છતાં સામાન્ય છે. મૂળ ભારતનો પણ અઢાર વરસથી અમેરિકા રહેતો, ભારતીય યુવાન આદિવાસી સંસ્કૃતિના અભ્યાસ માટે નર્મદાકાંઠે આવે છે.

પોતાના પ્રોજક્ટ દરમ્યાન સંશાધન, સંશ્લેષણ વગેરે દ્વારા જે પ્રાપ્ત થાય છે તેના રિપોર્ટ રૂપે પત્ર, અહેવાલ, ડાયરી વગેરે દ્વારા જે સંવેદનો ઝિલાયાં તે આ લખાણ.

પરન્તુ ભારતીય કથા સાહિત્યની નિરૂપણ પદ્ધતિના જગતમાં (દાં.ત. પંચતંત્ર)મુખ્યકથા, પછી આડકથા, સહકથા, ઉપકથા, જેવી કેટલીયે અવાંતરબાબતો આવે તેમ મૂળ પ્રોજેક્ટ ગૌણ બની નર્મદા નિમિત્તે સંસ્કૃતિ મુખ્ય બને છે. એમાં કાળજી એટલી છે કે તે આદર્શ કરતા વાસ્તવ સાથ વિશેષ નિસ્બત યુક્ત છે.

આવી બાબતોથી જ ધ્રુવ ભટ્ટ આપણા લેખકોના અન્ય વૃંદથી જરા જુદા બની રહે છે, જે આવકાર્ય છે. પાત્રસૃષ્ટિમાં સનાતની ગણેશ શાસ્ત્રી(હિન્દુ)થી લઇ ગંડૂ ફકીર (મુસ્લિમ) પાદરી થોમસ(ખ્રિસ્તી) જેવા લોકો છે પણ આ ચરિત્ર ટાઇપ (વર્ગીય ચિત્રો)નથી બનતા. દરેકને પોતાની આગવી પર્સનાલિટી છે. ઉપરાંતમાં સુપ્રિયા, લ્યુસી, પ્રોફેસર રૂડોલ્ફ, ઝૂરકા, બિતુ-બંગા, ટેમ્પુડિયો, દિત્યા, જોગા, વિદ્યા, ચંદરામાસી, મહેશમામા, દેવતા નાના, લીલો, કીકાવૈદ્ય, ગુપ્તાજી, પાર્વતીમા, તુષાર, પુરિયા, લક્ષ્મણ શર્મા, જેવાં ત્રણેક ડઝન વ્યક્તિત્વ છે.

અહીં કોઇ દૂરિત પાત્ર નથી લાગતું. સર્વમાં કંઇક ને કંઇક ઉદાત્ત તત્ત્વ છે. એટલે સુધી કે પ્રવાસીને માના હુકમથી લૂંટી લેનાર કાબાઓ પણ પરંપરાના વાહક છે.

પ્રસંગો-ઘટનાની ગૂંથણી દ્વારા પાત્રના બહિર વિકાસ સાથોસાથ આંતરિક વિકાસ પર વધારે ધ્યાન અપાતું લાગે. જેનાથી આંતર જગત પ્રગટ થાય છે. તેમાં મદદ કરે છે સંવાદ. આ સંવાદ નાટ્યાત્મક કે વાદ-વિવાદના વાહક બન્યા વગર સમજ સ્પષ્ટ કરવા ખપમાં લેવાય છે. સહજ અલંકાર કદાચ આવી રીતે જ સિદ્ધ થતો હશે. વાતચિત દ્વારા સરળતાથી પ્રગટતું સંવાદતત્ત્વ પાત્રોને વાતોડિયા બનવા નથી દેતું. ગદ્યના કલેવરને ઘાટ આપવા માટે જ પૂરક બાબતો છે તેમાંની એક સંવાદ કલા પણ છે. પૂર્વ અને પશ્ચિમની ભેદરેખા કોઇપણ જાતના સંઘર્ષ વિના પાત્રના સંવાદ દ્વારા પ્રાપ્ત થાય છે. દા.ત. લ્યૂસી પોતાની પ્રગતિ માટે ભારતમાં રહેતી નથી અને કથક ભારતમાં રહી જાય છે તો વિકાસ સાધે છે. કથકને પોતાના વ્યક્તિત્વ વિશે (સ્વપ્નમાં સદેહે નર્મદા દ્વારા)થાય છે કે - તારું કોઇ કામ વ્યથ નથી. સ્થ્ળ દેખાતાં કામો જ સૂક્ષ્મ તરફ દોરી જાય છે...

માત્ર ધન કે યશ મેળવવામાં જીવન સમાપ્ત કરનારા તો અનેક છે. લાખોમાં એકાદ માનવી જ તું જે માર્ગે ચાલ્યો તે માર્ગે ચાલે છે.

કયો છે આ માર્ગ? આજકાલ એકલતા, પોતાનું કશું મૂલ્ય ન હોવાથી વ્યથતા, આધુનિકતાના અભિશાપથી વ્યક્તિત્ત્વનો હ્રાસ અનુભવવો આ બધાં પરિબળોથી આ ચરિત્રસૃષ્ટિ દૂર છે.

મોટાભાગનાં ચરિત્ર વાસરિકા લખનાર કથકની સમજ સ્પષ્ટ કરવામાં નિમિત્ત બને છે.

'તત્વમસિ'ના ફલક પર માનવીય ચિત્રો જ દોરી ધ્રુવ ભટ્ટ સંતોષ નથી માનતા. ગર્ભીણી વાઘણ, ફૂલો, મધમાખી, જિન્દા સાગબાન જેવાં વૃક્ષો, અરણ્યમાં ફેલાતો દાવાનળ, નદીનો વહેતો પ્રવાહ, ચાંદની રાત, પાનખરમાં ક્વચિત દેખાતા હરણાં, ચિતા, સસલા, નીલગાય, દીપડા, આ સમષ્ટિનું આલેખન એ ધ્રુવ ભટ્ટનો તુલિકા-પાટવ ગણી શકાય તેવું છે.

તત્ત્વમસિ નિમિત્તે નર્મદાનો આ પરિસર આનંદાનુભૂતિ છે. અવસાદ ભાગ્યે જ છે. પણ પૃ.૨૧૯ પર સાઠસાલી વિશે કાલેવાલીમા કહે છે, 'અમે બહુ થોડા બચી રહ્યા છીએ.' એટલો અવસાદ સર્જક-ભાવકને સહુને કરુણની લકીર રૂપે સ્પર્શે છે.

સર્જક ધ્રુવ ભટ્ટના આ રચનાકાર્યને કેટલાય વિદ્વાનોએ પોંખી છે ત્યારે વિધાયક અભિગમ પ્રગટતો લાગે. (અન્યોએ પણ યોગ્ય પ્રસંગે આ રચના પોંખી છે.)જે યોગ્ય છે. છતાં લાગે છે કે કોઇએ તત્ત્વમસિને ભારતીય આલંકારિકોના માપદંડથી ચકાસવી પડશે. કારણ કે ક્યારેક કલાકારને બદલે કારીગર કામે વળગે તો જેવું તાલમેલિયું લાગે તેવું કેટલુંક બન્યાનું લાગે. દા.ત. લ્યૂસી રૂડોલ્ફની પુત્રી છે એ કથકને મોડો ખ્યાલ આવે. સુપ્રિયાની માતા વનિતા જ પછી કાલેવાલીમા તરીકે જીવન યાપન કરે તે ઘટસ્ફોટ કૃતિના અંતભાગે રહસ્ય ઉકેલવાના વ્યાયામ રૂપે આવે, તથા (ભલે યાત્રાળુ માટે આસ્થા હોય કે નર્મદા નદી પોતે એક વખત સંદેહે પરિક્રમા વાસીને મળે છે.) કથકને અંતે મળતી બાળકીનું નામ રેવા હોય, પ્રાચીન ભારતીયોને એસ્ટ્રોનોમીનું પોતાનું જ્ઞાન હતું પરંતુ સાઠ સાલીઓને વ્યાધ જોડિયો તારો છે. એ ખબર હોય. આ બધું આયાસ લાગવા સંભવ. પરન્તુ આવી બાબતો કૃતિના ભાવનમાં અવરોધ નથી બનતી. ઊલટું કૃતિના સૌન્દર્યબાધ માટે ક્યારેક ઉપકારક બનતાં દોષ ઓગળી જાય છે.